તાસ દીઠ માનદ વેતનથી(Honorarium Per Period) શિક્ષણ કાર્ય કરાવવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧૨/૨૦૨૧

**વંચાણે લીધા:-**

૧. શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૫ નો સમાનાંકી ઠરાવ.

૨. કમિશનર શાળાઓની કચેરીનો તા.૧૭/૧૨/૨૦૨૧ નો પત્ર ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૨૧/૨૧૬૬૭.

**આમુખ:-**

પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યા નિયમિત શિક્ષકથી ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસ દીઠ માનદ વેતનથી (Honorarium Per Period) શિક્ષણ કાર્ય કરાવવાની યોજના વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ક્રમાંક (૧) સામે વંચાણે લીધેલ ઠરાવથી અમલમાં મૂકવામાં આવી છે. ઉક્ત તા.૨૧/૧૨/૨૦૧૫ ના ઠરાવથી અનુસરવામાં આવતી કાર્યપ્રણાલીમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, તાસ દીઠ માનદ વેતનથી (Honorarium Per Period) શિક્ષણ કાર્ય કરાવવાની વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ક્રમાંક (૧) સામે વંચાણે લીધેલ ઠરાવથી અમલમાં આવેલ યોજનાની કાર્યપ્રણાલીમાં કમિશનર શાળાઓની કચેરીના તા.૧૭/૧૨/૨૦૨૧ ના ક્રમાંક (૨) સામે વંચાણે લીધેલ પત્ર મુજબ તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ વેતન (Honorarium) માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

| વિગત | તાસદીઠ માનદ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ વેતન |
|---|---|---|---|
| પ્રાથમિક શિક્ષણ | રૂ.૮૫/- | ૬ તાસ | રૂ.૫૧૦/- |
| માધ્યમિક શિક્ષણ | રૂ.૧૩૫/- | ૬ તાસ | રૂ.૮૧૦/- |
| ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | રૂ.૧૪૦/- | ૬ તાસ | રૂ.૮૪૦/- |

Scanned with CamScanner

➢ પ્રાથમિક શિક્ષણમાં તાસ પદ્ધતિ ન હોઈ, ત્યાં મહત્તમ દૈનિક માનદ વેતન રૂ.૫૧૦ રહેશે. **પ્રાથમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂ.૧૦,૫૦૦/-** થી વધે નહીં તે મુજબ રહેશે.

➢ **માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા. ૧૬,૫૦૦ /-** થી વધે નહીં તે મુજબ રહેશે.

➢ **ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ વેતનની મર્યાદા **રૂા. ૧૬,૭૦૦ /-** થી વધે નહીં તે મુજબ રહેશે.

આ સિવાય વિભાગના તા.૨૧/૧૨/૨૦૧૫ ના ક્રમાંક (૧) સામે વંચાણે લીધેલ ઠરાવની અને વખતો વખતના અન્ય ઠરાવોની જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગ મારફત સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મૌલિકા શાહ)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના પ્રતિ:

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરી મારફત)

૨૧૫૫૪-૬૧૫

ક્રમાંક/ ૨૧૬-૨૧૬/૫૧૯૫/૨૦૨૨
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા. / /૨૦૦

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ
તરફ:
શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ... તા. ૧૦/૧૨/૨૦૨૨ ... જરૂરી કાર્યવાહી અર્થે

નકલ રવાના ... જાણ અર્થે
– સંયુક્ત નિયામક (...) તરફ
– સંયુક્ત શિક્ષણ નિયામક (...) તરફ

સંયુક્ત શિક્ષણ નિયામક (...)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

Scanned with CamScanner